R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 08 DATE: 25-02-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



## શશીકલાએ જેલમા જતા પુર્વે તેમના વિશ્વાસુ સાથીઓ સાથે છેલ્લી મુલાકાત કરી અને સહુનો ટેકો યથાવત રાખવાનો સંકલ્પ દોહરાવ્યો

તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે તત્પપર કબજો જમાવવાના શશીકલાના સપનાઓ સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા બાદ ચુર ચુરથઈ ગયા હતા.કાયદાકીય લડતોને પણ સુપ્રીમ કોર્ટે ઠુકરાવી દીધી અને શશીકલા વતીથી સુપ્રીમ કોર્ટમાં ઉપસ્થિત થયેલા પ્રખ્યાત વકીલ કે.ટી.તુલસીને પણ સુપ્રીમ કોર્ટે કહ્યુ કે આદેશનો અર્થ તમે સમજી શકો છો.તેથી ના છુટકે શશીકલાને જેલમાં જવાનું થયુ.પરંતુ જેલમાં જતા પહેલા પોતાના સાથીઓ સાથે ગુઢ મંત્રણાઓ કરી,પોતાની સોગઠીઓ ગોઠવી શશીકલા જેલવાસ માટે રવાના થયા અને આત્મસર્મપણ કર્યુ હતું. જ્યારે તામિલનાડુમાં શશીકલાના વિશ્વાસુ સાથી પલાની સ્વામીને મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવા માટે રાજ્યપાલશ્રીએ આમંત્રણ આપ્યુ અને તેમણે તેમના ૩૧ અન્ય સાથીઓ સાથે શપથ ગ્રહણ કર્યા હતા. હવે તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે પલાની સ્વામીએ ચાર્જ સંભાળી લીધો છે.

## અમેરિકામાં ટ્રમ્પ સરકાર આવ્યા બાદ હેટ ક્રાઇમ વધવાને કારણે ભારતીયોની જીંદગી ઉપર જોખમો વધ્યા : માઇનોરીમાં હેટ ક્રાઇમથી ભય વ્યાપ્યો

કેન્સાસના ઓથાલે શહેરના એક બારમાં વંશિય ટિપ્પણી કરીને ગેટ આઉટ ઓફ માય કંન્ટ્રી કહીને નશામાં ચુર થયેલ એડમચ પુરિન્ટર નામના વ્યક્તિએ એક ભારતીય એન્જીનીયરની હત્યા કરી હતી.

ટ્રમ્પ સરકારના આવ્યા બાદ અમેરિકામાં વસતા માઈનોરીટીને માટે એક અલગ વાતાવરણ આકાર લઈ રહ્યું છે. જેમાં મુસ્લીમો સાથે અમેરિકામાં વસતા અન્ય દેશોના નાગરિકો માટે ઘૃણાસ્પદ માહોલ સર્જાઈ રહ્યો છે.આ બધાની પાછળ ટ્રમ્પની ચુંટણી ટાણે કરાયેલા તેમના પ્રવચનોની અસર જોવા મળી રહી છે.અમેરિકામાં વસતા કેટલાક નિવાસીઓ એવું માને છે કે વિદેશમાંથી આવીને અહીંયા સ્થિર થયેલા લોકોએ અમારી સંપત્તિ અને નોકરીઓ હડપી લીધી છે પરિણામે અમારે ખરાબ સ્થિતિનો અનુભવ કરવો પડે છે. જેથી આવા બધા નાગરિકોને તેમના દેશમાં પાછા જવું જોઈએ.અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસતા ભારતીયો માટે પણ હવે આકાર લઈ રહેલી નીતિને કારણે ભારે નુકસાન વેઠવું પડશે.ભારતીયની હત્યા પછી ત્યાં વસતા ભારતીયો તેમની સુરક્ષા માટે વિચારતા થયા છે.હવે ભારતીયો મોડી રાત્રી સુધી બહાર રહેશે નહી.

ન્યુયોર્ક પોલીસના જણાવ્યા પ્રમાણે ટ્રમ્પના વિજય પછી વંશીય હિંસામાં ૧૧૫ ટકાનો વધારો થયો છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ઉત્તરપ્રદેશમાં ગાય-ભેસના લોહીની નદીઓને બદલે ભાજપ દુધ-ઘીની નદીઓ વહેવડાશે : અભય ચુંટણી વચન અમિત શાહ

ચુંટણી ટાણે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા જનતાને વિવિધ પ્રકારના ચુંટણી વચનોની લ્હાણી કરવામાં આવે છે અને પ્રજા તેને માણે છે.વચનોની યોગ્યતા કે સત્યતા અલગ વાત છે પરંતુ આવા વચનો લોકોને મનોરંજન પુરુ પાડે છે. હકીકતમાં આવા વચનો દેશની ભોળી જનતા ને આપીને આજદીન સુધી અનેક પક્ષો મતદારોને ભોળવવામાં ફાવી ગયા છે.આજકાલ દેશમાં ચુંટણીનો વાવર છે.ઉત્તરપ્રદેશ,પંજાબ,ગોવા,વિગેરે પ્રાંતોમાં વિધાનસભાની ચુંટણીઓ ચાલી રહી છે.દરેક પક્ષને પોતાની સરસાઈ લેવા માટે ગમે તે સ્તરે જવાની કોઈ મનાઈ નથી.સત્તા પક્ષ દ્વારા આવા અનેક ઉલ્લંઘનો જોવા મળ્યા છે પરંતુ ચુંટણીપંચ તેમાં માત્ર શિખામણ સિવાય કોઈ વધુ પડતું પગલું લેવા માટે સક્રિય બન્યું નથી.

હવે ઉત્તરપ્રદેશમાં ગાય ભેસની તેમજ મંદિર- મસ્જીદની રાજનીતી ચાલુ થઈ છે.સ્મશાન અને કબ્રસ્તાન જેવી બાબતો પર લોકોની હમદર્દી મેળવવા માટેની યોજના સાકાર લઈ રહી છે. જેના માધ્યમો દ્વારા લોકોને આર્કષી શકાય.ખરેખર કતલખાનાઓ બંધ કરવાની જાહેરાત કરતાં પહેલા તેઓ સત્યથી વેગળા હોવા છતાં અમુક લોકોની લાગણીઓની સાથે ચેડા કરવાનું અમુક નેતાઓને સૌભાગ્ય મળે છે.અને ફળ પણ મળે છે.ઉત્તર પ્રદેશમાં જે રીતે ચુંટણી તાંડવ ખેલાઈ રહ્યું છે તે જોતાં ભાજપ માટે કેવી પરિસ્થિતિનું નિર્માણ થશે તે પરિણામો આવ્યા બાદ નક્કી થઈ શકશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ચુંટણીના માહોલે રાજકીય સ્તર એકદમ નીમ્ન સ્તરે લાવી દીધું છે. કોઈપણ જાતની આચારસંહિતાનું પાલન કર્યા વગર નેતાઓ બેફામ બનીને બોલતા રહ્યા છે જેમણે જાળવવાનુ કામ કરવાનું છે તેવા સત્તા પર બેઠેલા નેતાઓ આ તિકડમબાજીમાં સામેલ થયા પરિણામે ચુંટણીમાં રાજકીય પક્ષોનું સ્તર એકદમ હલકી કક્ષા પર પહોચી ગયું છે.

સહુ પ્રથમ તો ચુંટણી મુદ્દાઓ ભુલાઈ ગયા છે. દેશના નાગરિકોની ભલાઈ,વિકાસ તેમની જરુરીયાતો માટે યોગ્ય સુવિધાઓની વ્યયસ્થા વિગેરે કરવાની ખાત્રી આપવો બદલે નેતાઓ સ્મશાનો,કબ્રસ્તાનો,મંદિરો જેવી કટ્ટરવાદની ભાષામાં વાતો કરવા લાગ્યા છે.જો કે ભારતીય જનતા પાર્ટીની  અમુક કટ્ટરવારી કેડેર પાસેથી આવી અપેક્ષાઓ રાખવી વધુ પડતી છે.તેઓ હંમેશા હિદુત્વ અને કટ્ટવાદી વિચારસરણી સાથે જોડાયેલા છે તેઓ તે રીતે જ વર્તશે એમ માની શકાય. પરંતુ જેમની પાસેથી દેશ સમગ્ર સારી અપેક્ષાઓ રાખીને બેઠો હોય ત્યારે તેમના ચુંટણી પ્રચારના નિવેદનોથી દેશના નાગરિકોમાં એક પ્રકારની હતાશા વ્યાપી જાય.અજુગતી બાબતોને કારણે જે આબરુ ઉભી થયેલી છે તેનો આંક દિવસે દિવસે ઘટતો ચાલ્યો છે.પરિણામે હજુ તો દિલ્હી દુર છે. સંસદની ચુંટણીઓઆવવાની હજુ વાર છે ત્યાં સુધીમાં આંક કેટલો નીચો જશે કે ઉંચો તે સમજવુ ભારે કઠીન રહેશે.

## સામાજીક પડકારોનો સામનો કરવા કોણ ઉભા રહેશે ?

હવે સામાજીક પડકારોનો યુગ શરુ થયો છે અને તેમાં જો આપણે યોગ્ય રીતે વર્તીશું નહી તો આપણે આપણી લાયકાત ખોઈ બેસીશું.રાજકારણીઓ દ્વારા આચરતા ગુનાઓ અને તેમને મળતી રાજકીય સહાય,ધર્મના નામે ચાલતા ધતીંગો કે શોષણો કે ગુનાખોરી  આ બધાની સામે કોણે આવવાનું છે.તે માત્ર સમાજના પહેરેદારો તરીકે ગણાતા કાયદાવિદોનું કામ છે. સમાજ તેમની સામે એવી અપેક્ષા રાખી રહ્યો છે કે તેઓ સમાજનુ થતું અધ : પતન રોકે.ગુનેગારોને સમાજ પર હાવી થતા રોકે.

વકીલનું કામ છે અસીલની કાનુની ઢબે પેરવી કરવાનું અને તેને રાહત પહોચડાવાનું.અસીલના કોર્ટના,પોલીસના ધ્યાન બહાર રહી ગયેલા તેવા કાનુની મુદ્દાઓ અદાલત સમક્ષ લાવીને શાલીનતા સાથે કેસ લડવાની એની ફરજ થઈ પડે છે.જ્યુરીસપ્રુડન્સના મુળભુત સિંધ્ધાંતો કહે છે કે પુરાવા વગર તમે કોઈને બદનામ કરી ન શકો.તેમાં વળી ફેમીલી કોર્ટના,બળાત્કારના ,સગીરને ઈન્વોલ કરતા કેસમાં આરોપીઓની ઓળખ છુપી રાખવાની હોય છે.આ બાબત ખુબજ સંવેદનશીલ હોય છે. તેથી અદાલતમાં ઈન-કેમેરા અર્થાત જાહેર જનતાથી ખાનગીમાં રાખીને કેસ ચલાવાય છે.કાનુનની ભાવનાને દરેકે સન્માન આપવું જોઈએ.વકીલનો વ્યવસાય પ્રમાણિકતાથી લેવાય તો એ એક નોબલ પ્રોફેશન છે.દેશની આઝાદીમાં ગાંધીજી,સરદાર પટેલ જેવા સેંકડો વકીલોની અગ્રણ્ય ભુમિકા રહી છે.આજે પણ રાષ્ટ્ર કોઈ કાનુની કે બંધારણીય સંકટમાં મુકાય છે ત્યારે વકીલો જ સ્વમેળે દેશની મદદે આવે છે.પરંતુ  હમણાં જેલમાં પુરાયેલ આસુમલ હરપલાની ઉર્ફે આશારામ બાપુને જામીન પર છોડાવવા માટે તેમના મિત્ર અને દેશના મોંઘા વકીલે આ કેસમાં જે દલીલો કરી તે ધૃણાસ્પદ બની હતી.તેઓએ શરમને નેવે મુકી દીધી હતી.આશારામે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તેમની કારી ફાવી નહી એટલે તેમણે છેલ્લા હથિયારરુપે રામ જેઠમણાલીને વકીલ તરી કે ઉતાર્યા ,પરંતુ તેમણે કાનુની વિદ્વતાને બાજુએ રાખી દીધી અને કોકને જાહેર બદનામ કરવાનું કામ કર્યુ.વકીલ તરીકે એમને આરોપી કે પ્રોસિક્યુશન પર કેટલી હદે આરોપ મુકવાની છુટ છે તેની કોઈ મર્યાદા હોવી ઘટે.એક આઈએએસ અધિકારીએ જેઠમણાલી પર બદનક્ષીનો કેસ પણ માંડી દીધો.

આ દેશમાં કાનુની વિદ્વતાને નામે અનેક  ધુરંધર અને દેશદ્રોહી ગુનેગારોને કાયદાની ચુંગાલમાંથી છોડાવીને અતિ પૈસાદાર થવાનું સૌભાગ્ય કેટલાક નામી વકીલો મળેલ છે.તેમણે આ કૃત્યને ગુનેગારના મદદગાર ગણવા કે પછી કાનુની વિદ્વાન.કાનુની વિદ્વાનો એ વાત હંમેશા યાદ રાખવી ઘટે કે તેઓ ગુનેગારો કે અત્યાચારીઓની  માત્ર નાણાં કમાવાને માટે મદદ કરી રહ્યા છે ? પ્રમાણિક હેતું હોવો જરુરી છે.માત્ર અર્થના અનર્થ કે છટકબારીઓનો ઉપયોગ કરીને ગુનેગારોને છોડાવવા તેટલો જ ગુનો કહેવાય.સમાજમાં આ માટે વિશાળ પાયા પર ચર્ચા થવી જરુરી છે.ખોટા કાનુની નિષ્ણાંતો દેશ અને સમાજને ખપતાં નથી.તેમને જાકારો આપવો અથવા તો તેમનો સામાજિક બહિષ્કાર કરવો જરુરી છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



## તામીલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે પલાની સ્વામીએ આખરે શપથ લીધા

શશીકલાના વિશ્વાસુ સાથી પલાની સ્વામીએ રાજ્યપાલ સમક્ષ સરકાર રચવાનો પોતાનો દાવો પેશ કર્યો હતો.રાજ્યપાલ વિદ્યાસાગર રાવને મળીને તેમણે તામિલનાડુમાં સરકાર રચવા માટેનો દાવો તેમની મુલાકાત દરમિયાન કર્યો હતો.તેમણે તેમના દાવાના સમર્થનમાં ૧ ૨ ૪ ધારાસભ્યોની યાદી સુપ્રત કરી હતી.આમ હવે તામિલનાડુમાં નવા રાજકીય સમીકરણો આકાર લઈ રહ્યા છે.બીજી તરફ જયલલિતાની ભત્રીજી દીપા જયકુમારે વિધિસર રાજકારણમાં ઉતરવાનું નક્કી કરી દીધું છે. જો કે રાજ્યપાલ કોને મુખ્યમંત્રી પદના શપથ લેવા અને મંત્રી મંડળની રચના કરવા કહેણ આપશે તે આદેશો આવ્યા બાદ ખબર પડી જશે. પલાની સ્વામીએ પોતાની સાથે રહેલા ધારાસભ્યોની યાદી રાજ્યપાલશ્રીને સુપ્રત કરી હતી તે સમયની તસવીર.

આખરે રાજ્યપાલશ્રીએ પલાની સ્વામીને સરકાર રચવા માટેનું આમંત્રણ પાઠવી દીધુ.તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે તેમણે શપથ ગ્રહણ કર્યા અને તેમના અન્ય સાથીઓને પણ શપથ ગ્રહણ કરાવ્યા.આમ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા રાજકીય ડ્રામાનો અંત આવ્યો હતો.પલાની સ્વામી અપ્રમાણસર સંપત્તિના કેસમાં જેલમાં ગયેલા શશીકલાના ખાસ વિશ્વાસુ  છે અને સ્વ.જયલલિતાના પણ માનીતા હતા.હવે પલાર સ્વામીએ ગૃહમાં પોતાની  બહુમતી સાબિત કરવાની રહે છે. જો કે શશીકલા સામે બળવો કરનારા ઓ. પનીરસેલ્વમની રાજકીય કારકીર્દી અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે.શશીકલાએ તેમને પાર્ટીમાંથી બરખાસ્ત કર્યા છે.હવે તેમને માટે ભાજપનો છેડો પકડવો એકમાત્ર માર્ગ બચ્યો છે.પલાની સ્વામીએ મુખ્યમંત્રી  તરીકે શપથ લીધા ત્યાર બાદ તેમની સાથે અન્ય ૩૧ મંત્રીઓએ શપથ લીધા હતા.

## સુપ્રીમ કોર્ટનો ખુલાસો : ટ્રિપલ તલ્લાકમાં માત્ર કાયદાકીય પાસા પર જ ચુકાદો અપાશે

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે મુસ્લીમ સમાજમાં પ્રચલિત ત્રણ તલાક,તલાક,તલાક અને બહુપત્નીત્વ પરંપરા સાથે જોડાયેલા કાનુની પરંપરાથી જોડાયેલા મુદ્દાઓ પર વિચાર કરશે.કોર્ટે સ્પષ્ટ ક્યુ છે કે મુસ્લીમ પર્સનલ લો હેઠળ તલાકની અદાલતોએ દેખરેખ કરવી જોઈએ કે કેમ તે મામલાને તે ધ્યાનમાં નહીં લે કેમકે આ સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે. ચીફ જસ્ટીસ જગદીશ સિંહ ખેહર, ન્યાયમુર્તિ એન.વી.રમણ અને ન્યાયમુર્તિ ધનંજય વાય ચંદ્રચુડની બેન્ચે કહ્યુ હતું કે તમે એકસાથે બેસો અને તે કેન્દ્રને અંતિમ સ્વરુપ આપો કે જેના પર અમને વિચાર કરવાનું છે. અમે તમામ મુદ્દાઓ પર નિર્ણય લેવા માટે તેમને યાદીમાં સામેલ કરી રહ્યા



છીએ.

જો કે યુપી,પંજાબ,ગોવા વિગેરેની ચુંટણીઓમાં ભાજપે આ મુદ્દાને સામેલ કર્યો હતો અને જણાવાયુ હતું કે ચુંટણીઓ બાદ આ વિષયમાં આગળ કાર્યવાહી થાય તેમ સરકાર ઈચ્છે છે.જેથી એવું મનાઈ રહ્યું છે કે ચુંટણીઓ બાદ તલાક બાબતે સુપ્રીમ કોર્ટ તેના અવલોકનો ઉપર પ્રકાશ પાડશે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઈ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઈ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## નેશનલ બોમ્બ ડેટા સેન્ટરના રીપોર્ટ પ્રમાણે ૨૦૧૬માં ભારતમાં વધુ વિસ્ફોટો થયા છે

ગત વર્ષે દુનિયાભરમાં સૌથી વધુ બોમ્બ વિસ્ફોટોની ઘટનાઓ ભારતમા બની હતી તથા યુધ્ધગ્રસ્ત ઈરાક અને અફઘાનિસ્તાનની તુલનામાં પણ અહીં વધુ વિસ્ફોટો થયા હતા.નેશનલ બોમ્બ ડેટાએ જણાવ્યુ હતું કે દેશમાં આ પ્રકારની ૪૦૬ ઘટનાઓ બની હતી.જેમાં આઈઈડી અને શસ્ત્ર કારખાનાઓના વિસ્ફોટો સામેલ છે. રિક ૨૨૧ વિસ્ફોટો સાથે આ યાદીમાં બીજા ક્રમે છે.જો કે આ ડેટામાં વિસ્ફોટોમાં મરણ પામનારની સંખ્યા બતાવાઈ નથી.

એનબીડીસી વિસ્ફોટ પછી નોટલ ઈન્વેસ્ટીગેશન વિભાગ તરીકે એનએસજી અંતગર્ત કામ કરે છે.રિપોર્ટમાં વૈશ્વીક આંકડાઓ અંગે સચેત રહેવાનો સુર છે. તેમાં જણાવાયું છે કે કેન્દ્રને આ આંકડા ખુલ્લા સ્ત્રોત્રો પાસેથી મેળવ્યા છે.પાડોશી દેશ પાકિસ્તાનમાં ૨૦૧૬માં આવી કુલ ૧૬૧ ઘટનાઓ બની જ્યારે અફઘાનિસ્તાનમાં ૧૩૨, અને તુર્કીમાં ૯૨, થાઈલેન્ડમાં ૭૧,દક્ષિણ આફ્રિકામાં ૬૩ ,સીરીયામાં ૫૬, ઈજીપ્તમાં ૪૨ અને બંગલાદેશમાં ૨૯ વિસ્ફોટો નોધાયા છે.

એનએસજીના એનબીડીસીએ બોમ્બશેલ શીર્ષકથી આવી ઘટનાઓના વાર્ષિક સંમેલનમાં કહ્યુ છે , આ ઘટનાઓની નિશ્ચિત સંખ્યા અને અહેવાલ દર્શાવાતા નથી.આ રીપોર્ટ અનુસાર ભારતમાં જમ્મુ-કાશ્મીરમાં વિસ્ફોટોની સંખ્યા વર્ષ ૨૦૧૫ દરમિયાન ૧૪ આઈઈડી વિસ્ફોટની સામે વધી છે.૨૦૧૬માં જમ્મુ-કાશ્મીરમાં આવા વિસ્ફોટની સંખ્યા ૩૧ની રહી હતી.જ્યાં સુરક્ષાદળો આતંકીઓના મુખ્ય નિશાન પર રહ્યા હતા.

## નળકાંઠામાં સિંચાઇજળ માટે સરકારની ઉદાસીનતા સામે ખેડુતોની રેલીમાં પોલીસ સાથે દંગલ

નળકાંઠાના ખેડુતોએ સિંચાઈજળ માટે સરકારની ઉદાસીનતાના મામલે અધિકાર રેલીનું આયોજન કર્યુ હતું.રેલી અને પોલીસ વચ્ચે ઘર્ષણ થતાં જ ખેડુતો અને પોલીસ વચ્ચે દંગલ થયું હતું.નળકાંઠાના ખેડુતો છેલ્લા અને વર્ષોથી સિંચાઈના પાણી માટે માંગ કરી રહ્યા છે.સરકારની ઉદાસીનતાને કારણે ખેડુત આગેવાનોએ અધિકાર રેલીનું આયોજન કર્યુ હતું.આ રેલી માટે પોલીસ પરમીશન મળી નહોતી.વાહનોમા ૨૫૦૦ જેટલા ખેડુતો રેલીમા જોડાયા હતા જેને પોલીસે રોકતાં મામલો બીચક્યો હતો.પરિણામે પોલીસે ટીઅરગેસના શેલ છોડ્યા હતા.લાઠીચાર્જ કર્યો હતો પરિણામે બેઉપક્ષે કેટલાક લોકો અને પોલીસ કર્મીઓ ઘાયલ થયા હતા. પોલીસે ખેડુત આગેવાનોની ધરપકડ કરી લીધી હતી પરિણામે ખેડુતોમાં આક્રોસ વ્યાપ્યો હતો.પરંતુ ધરપકડ અને છોડી દેવા અંગે કેટલીક ગેરસમજો ઉભી થઇ હતી.

## ઓડીશાની ચુંટણીઓમાં બીજુ જનતા દળનો દબદબો ચાલુ

ઓડીશા પંચાયત અને જિલ્લા પરિષદની ચુટણીઓમાં બીજુ જનતા દળનો દબદબો ચાલુ રહ્યો હતો.પરંતુ આ વખતે ભારતીય જનતા પાર્ટીએ સારો દેખાવ કર્યો હતો.કોંગ્રેસ મુકાબલામાં ત્રીજા નંબરે ફેકાઇ ગઇ છે.ઓરિસ્સામાં છેલ્લા ૧૭ વર્ષથી બીજૂ પટનાયકના નેતૃત્વવાળી સરકાર ચાલી રહી છે.લોકસભાની ચુંટણીઓમાં ભાજપની હાલત અહીયા ખરાબ હતી પરંતુ આ વખતે તેમની સ્થિતિમાં સુધારો થયો છે.જો કે ભાજપે નોટબંધીની અસરો ઓરિસ્સામાં વર્તાઇ નથી અને પ્રજાએ તેમને ટેકો આપ્યો છે તેવો સુર વ્યકત કર્યો હતો.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


## દેશભક્તિ લશ્કરી શિસ્તની માફક લાદી ના દેવાય, તે સ્વયંભુ આવવી ઘટે

આપણા માટે કમનસીબી કહો કે કમબખ્ત્તી કહો,દેશના લોકોને દેશભક્તિ સમજાવવી પડે કે તેનુ પાલન કેવી રીતે કરવું તેના માટે કાયદા મારફતે સમજણ આપવી પડે બહુ દુ:ખદ બાબત છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ છે કે કોઇ ફિલ્મ કે ડોક્યુમેન્ટરીમાં રાષ્ટ્રગીત આવતું હોય તો પ્રેક્ષકો ફરજીયાત ઊભા થવાની જરુર નથી.સ્વયંભુ થઇ શકે છે.ગયા નવેમ્બર માસમાં સુપ્રીમ કોર્ટે એવો ઐતિહાસિક આદેશ કર્યો હતો કે સિનેમા હોલ કે મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ દર્શાવતા પહેલાં રાષ્ટ્રગીત વગાડવુ જરુરી છે. અને ત્રિરંગો દર્શાવવો જરુરી છે.કોર્ટે તેમાં કહ્યુ હતું કે આ વખતે લોકોએ પોતાની જગાઓ પર ઊભા થવું જોઇએ.જો કે આમ છતાં ઘણા લોકો એ વખતે ઊભા થતાં નથી.તેને અંગે ઘણા વિવાદો પણ સર્જાયા છે.રાષ્ટ્રગીત વખતે ઊભા ન થનારાઓએ અન્ય લોકોના રોષનો ભોગ બન્યા હોય એવું પણ બન્યું છે.

આપણા રાષ્ટ્રગીત,રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રચિહ્નનો પ્રતિકોને આદર, માન સન્માન જરુર આપવું જોઇએ.એ કોઇ લાદવાનો કે કાયદાની રીતે ચુસ્ત અમલી બનાવવાનો મામલો નહી પણ દેશ પ્રત્યેના આદર અને ભાવનાની સહજ અભિવ્યક્તિનો મામલો છે.તે તદ્દન સ્વેચ્છીક અને સહજ હોવું ઘટે.રાષ્ટ્રપ્રેમની લાગણીઓને જબરજસ્તીથી લાદી ના શકાય. જબરજસ્તીના રાષ્ટ્રવાદનો કોઇ અર્થ નથી.એવું હોય તો આજે સિનેમાગૃહોની વાત છે.

કાલે ઉઠીને નાટકો,સ્ટેજ શો કે ટીવી કાર્યક્રમો માટે પણ રાષ્ટ્રગીતની વાત આગળ ધરાશે.રાષ્ટ્રવાદનો પ્રચાર આ રીતે ના થઇ શકે.આપણા દેશને ચાહવો, કે તેના ચિહ્નનો ને માન આપવું એ કોઇ કાયદાનો કે ફરજીયાતપણાનો નહીં, ખુમારીનો મામલો છે.આ ખુમારી જ્યાં લગી જન માનસમાં જાગૃત ના થાય ત્યાં લગી આ બધુ માત્ર ઔપચારિકતા જ બની રહે છે. એટલે જ સુપ્રીમ કોર્ટે ચોખવટ કરી છે કે એ નૈતિકતાની પહેરેદાર (રખેવાળ)નથી.

## શશીકલાનો દોષિત ઠેરવતા ચુકાદાને ભાજપી સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ આવકાર્યો



ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ અન્નાદ્રમુક મહાસચિવ વી.કે.શશીકલા અને અન્યોને આવકના જાણીતા સ્રોતો સિવાય સંપત્તિના મામલે દોષિત ગણાવતાં સુપ્રીમ કોર્ટના આદેશને આવકાર્યો હતો.અને કહ્યુ હતું કે ૨૦ વર્ષની લાંબી રાહ જોવામાં આવી તેનુ ફળ મળ્યું છે.

જયારે ભાજપના તામિલનાડુના પ્રભારી અને મહાસચિવ પી.મુરલીધર રાવે કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી શશીકલાના મુખ્યમંત્રી બનવાના સ્વપ્નને આઘાત લાગ્યો છે.પરંતુ પ્રતિનિધિ તરીકે ચુંટાઇ જવા માત્ર થી જનતાનો વિશ્વાસ જીતી શકાતો નથી. જનતા પાર્ટીના તત્કાલીન પ્રમુખ તરીકે આ મામલે ૧૯૯૬માં પ્રથમ ફરિયાદ નોધાવનારા ફરિયાદી સ્વામીએ કહ્યુ હતું કે અમે આ માટે ૨૦ વર્ષ સુધી લડ્યા છીએ.

## યુપીમાં ભાજપનો સાથ મેળવીને સરકાર રચીશું નહીં તેવી સ્પષ્ટતા કરવા બીએસપીનેતા માયાવતી

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચુંટણીઓમાં એડીચોટીનું જોર લગાવતા તમામ રાજકીય પક્ષોના મનમાં હજુ સુધી બહુમતી આવશે તેવો સ્વસ્થ આશાવાદ દેખાતો નથી.મોટાભાગનો વરતારો ત્રિશંકુ પક્ષોની શંકા વ્યક્ત કરે છે. ચુંટણીનો રંગ તો બરાબર જામ્યો છે પરંતુ મતદારોના મન કળાતા નથી.બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતીએ કહ્યુ હતું કેઅને ચુંટણીમાં ભાજપ સાથે કોઇ ગઠબંધન કરીશું નહી.વિપક્ષમાં બેસીસું પરંતુ ભાજપ સાથે કોઇપણ જોડાણ કરીશું નહી. જો કે તેમણે પાછો દાવો તો કર્યો જ હતો કેઅમને ૩૦૦ સીટો મળશે.હવે બધા જ ૩૦૦ નીગણતરી કરતા રહ્યા છે.પરિણામે કોને કેટલી સીટો મળશે તે નક્કી કરાતું નથી.ભાજપના બે ચહેરાઓ યુપીમાં તુટી પડ્યા છે. વડાપ્રધાને પોતાનું ધ્યાન યુપીમાં કેન્દ્રીત કર્યુ છે અને વિપક્ષોને બરાબર આડે હાથે લેવામાં લાગી ગયા છે. અમિત શાહ,બીજેપી પ્રમુખ તેમની કલા નિપુણતા દેખાડી રહ્યા છે. હવે જોવાનું રહે છે કે કોણ કોને માત આપે છે. સમાજવાદી પાર્ટી અને કોગ્રેસના યુવાનેતાઓ તેમની રીતે પડઘમ વગાડી રહયા છે. સર્વ કોઇપણ પ્રકારે થઇ શકે તેમ નથી.તેથી એટલી રાહત છે કે કોનો ઘોડો આગળ ચાલે છે તે કળી શકાતું નથી.મજબુત મતબેંકો પર પણ આધારિત ગણિત મુકી શકાતું નથી માત્ર ને માત્ર પરિણામો જ આ બાબત પર પડદો ઉઘાડી શકશે.

## ભાજપના યોગી આદિત્યનાથે કહ્યુ કે સપા જીતશે તે કરબલા અને કબ્રસ્તાન બનશે અને ભાજપ રામમંદિર બનાવશે

વિકાસની ગાડી પાટા પરથી ઉતરી ગઇ.હવે હિન્દુ કટ્ટરતાવાદ,મંદિર, કબ્રસ્તાન જેવા મુદ્દાઓ દ્વારા ચુંટણી જંગ જીતવાનો મનસુબો ભાજપે ફરી દોહરાવીને પોતાનો છુપો એજન્ડા ફરીથી લાવી દીધો.વિવાદોની વણઝાર ઉત્તરપ્રદેશની ચુંટણી ટાણે જોવા મળી રહી છે.ભાજપ પ્રમુખે કસાબવાળા નિવેદનો કરીને વિવાદને જન્મ આપ્યો ત્યાં યોગી આદિત્યનાથે યુપીમાં સમાજવાદી પાર્ટીની સરકાર રચાશે તો કરબલા અને કબ્રસ્તાન બનશેનું વિવાદિત નિવેદન આપ્યું.વધુમાં આ નિવેદનની સાથે યોગીનું અયોધ્યામાં રામમંદિર બનાવાશેની પુષ્ટિ કરવામાં આવી તેને કારણે રાજકીય ચડસાચડસી ચરમસીમા પર પહોચી ગઇ છે.

યોગીએ સપા અને બસપા પર આક્ષેપો કરતાં કહ્યુ હતું કે બંને પક્ષોએ મુસ્લીમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.બંને પક્ષને પ્રજાની કોઇ પરવા નથી.કેન્દ્ર સરકારે સ્કુલો,રસ્તાઓ અને દવાખાનાઓ માટે જે ફંડ આપ્યું હતું તે વિકાસને બદલે કરબલા અને કબ્રસ્તાનમાં ખર્ચાઇ ગયું છે.અગાઉ મોદીએ પણ આવુંજ ભડકાઉ ભાષણ આપ્યુ હતું કે જો કોઇ ગામમાં કબ્રસ્તાન બનાવો તો ત્યાં સ્મશાન પણ બનવું જોઇએ.જો કે ઉચ્ચ નેતાગીરીએ ચુંટણીઓમાં પોતાની મર્યાદાઓ જાળવવી જોઇએ તેવું મનાય છે પરંતુ હજુ સુધી આવું બનતુ નથી.

જો કે ચુંટણી પંચ જાગશે ત્યારે ઘણુ મોડુ થઇ ગયું હશે.ચુંટણીઓના પરિણામો આવી ગયા હશે અને પાછળથી હવે આવું નહી કરવાની ચેતવણી આપીને તમામ રાજકારણીઓને છુટછાટો મળી જશે.

## ગંગાના શુધ્ધિકરણ પ્રોજેક્ટમાં કરોડોના આંધણ પછી ગંગાનું એક ટીપુ શુધ્ધ થયું નથી. કોણ જવાબદાર ?

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે(એનજીટી) ગંગા નદીને સ્વચ્છ કરવાના મામલે સરકારની આકરી ટીકા કરી હતી. એજીટીએ કહ્યુ હતું કે જનતાના નાણાંનો વેડફાટ થઇ રહ્યો છે.પણ ગંગા નદીનું એક ટીપુ પણ શુધ્ધ થઇ શક્યુ નથી.એનજીટીએ ગંગા નદીની સાફસુફી માટેની પરિયોજના ના નામે જનતાના નાણાં વેડફાઇ રહ્યા અંગે સરકારી એજન્સીઓની આકરી ટીકા કરી હતી.ટ્રિબ્યુનલે સરકારી એજન્સીઓને પુછ્યુ હતું કે તેઓ ક્યા પ્રકારે વડાપ્રધાનની મહત્વાકાંક્ષી 'નમામિ ગંગે પરિયોજના' લાગુ કરી રહ્યા છે.ટ્રિબ્યુનલે કહ્યુ હતું કે તેને કેન્દ્ર અને ઉત્તરપ્રદેશ સરકારની ફરિયાદો અંગે કોઇ નાટક જોઇતું નથી.

એનજીટી પ્રમુખ ન્યાયમુર્તિ સ્વતંત્ર કુમારની અધ્યક્ષતામાં રહેલી બેન્ચે નદીને સ્વચ્છ કરવાની યોજના પર એકસાથે કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે કહ્યુ હતું કે વડાપ્રધાને તમને એક લક્ષ્ય આપ્યું છે તેને એક રાષ્ટ્રીય પરિયોજના તરીકે લો.સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) અને અન્ય સરકારી એજન્સીઓની ભુલ છે કે જે યોગ્ય રીતે પોતાનું કામ કરતી નથી.શું તમે (અધિકારીઓ)તમારુ કામ યોગ્ય રીતે કર્યુ છે ? તમે અહીં (અદાલત)સામે હાજર થતા નથી. તમે કંઇ કર્યુ નથી.તમે લોકોના નાણાં વેડફી રહ્યા છો. પણ નદીનું એકપણ ટીપુ શુધ્ધ કે સાફ થઇ શક્યું નથી.

કેન્દ્ર સરકારે ગંગા નદીના શુધ્ધિકરણ માટેની પરિયોજના નમામિ ગંગે માટે રુ.૨૦૦૦ કરોડથી વધુ રકમ ફાળવી છે.આ સાથે ટ્રિબ્યુનલે બિજનૌર અને અમરોહા જિલ્લામાં આવેલા ૧૪ ઇન્ડ્સ્ટ્રીયલ યુનિટસને પણ ચેતવણી આપી છે.જે યુનિટસ ગંગા નદીના કિનારે આવેલા છે.જેઓ નદીને પ્રદુષિત કરી રહ્યા છે.ટ્રિબ્યુનલે એ ઔધ્યોગિક એકમોને કહ્યુ હતું કે તેઓ બંધ થવા માટે તૈયાર રહે.

ટ્રિબ્યુનલે સરકારી એજન્સીઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં કહ્યુ હતું કે દરેક લોકો કહે છે કે તેઓ નદીમાં પ્રદુષિત પદાર્થો ઠાલવતા નથી. હું તમને લોકોને ચાર દિવસ તમારો જવાબ આપવા માટે આપું છું અથવા હું તમામ એકમો તાત્કાલિક બંધ કરાવીશ. નવી વાર્તાઓ ઘડવાનું બંધ કરો. પરિણામો ભોગવવા માટે તૈયાર રહો.તમામ ઇન્ડ્સ્ટ્રીયલ કે જે ગંભીર રીતે પ્રદુષણ ફેલાવે છે અને ગંગા નદીને કિનારે સ્થિત છે તેઓને શો કોઝ નોટીસ પાઠવવામાં આવે છે કે શા માટે તેઓને યુનિટસ બંધ કરી દેવા માટે આદેશ આપવામાં ન આવે. (સૌ.ન.ગુ.સ)

## બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ખોવાયેલ ગંગાપુત્ર અંગે કટાક્ષ કર્યો

નોટબંધીના મામલે વડાપ્રધાન મોદીને સાથ આપનારા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે મોદી પર કટાક્ષ કરતાં કહ્યુ હતું કે આવ્યા ત્યારે કહ્યુ હતું કે માં ગંગાએ બોલાવ્યો છે. પરંતુ અમે બનારસ ગયા ત્યારે લોકો કહી રહયા હતા કે ગંગામાં શોધી રહ્યા છે કે મારો પુત્ર કયાં જતો રહ્યો.મોદીએ ૨૦૧૪માં સામાન્ય ચુંટણી વખતે કાશીમાં ઉમેદવારી પત્ર ભર્યા પછી કહ્યુ હતું કે હું જાતેજ ગંગાપુત્ર છું.હું અહીયા જાતે આવ્યો નથી મને ગંગામાંએ બોલાવ્યો છે.જ્યારે આરજેડીના લાલુપ્રસાદે કહ્યુ હતું કે મોદીએ કહ્યુ કે ગંગામાએ બોલાવ્યો છે. ગંગામાં ક્યારે બોલાવે છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## અસહિષ્ણુતાના મામલે હજુ સુધી સરકાર જાગી નથી : એબીવીપી અને એસએફઆઇ વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણ

જેએનયુના વિદ્યાર્થીઓએ દિલ્હીની રામજસ કોલેજ યુની.ના સેમિનારમાં જેએનયુના વિદ્યાર્થી ઉમર ખાલીદને આમંત્રણ આપ્યુ હતું.ત્યારબાદ ભારે ધમાલ થઇ હતી.સેમિનારમાં લોકને સંબોધવા માટે ઉમર ખાલીદને આમંત્રણ આપનારા ડાબેરી વિદ્યાર્થી સંગઠન સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઇન્ડીયા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વચ્ચે હિંસા ફાટી નીકળી હતી.આ ઘટનાના પડઘા સાવિત્રીબાઇ ફુલે પુણે યુની.માં પણ પડ્યા હતા.ભારત વિરોધી નારા લગાવનારા ઉમર ખાલીદના પોસ્ટર લગાડવા બાબતે પુણે યુની.ના કેમ્પસમાં એબીવીપી અને એસએફઆઇના સભ્યો એકબીજા સાથે બાખડ્યા હતા.આ ઘટનાને રામજસ કોલેજમાં ઉમર ખાલીદને આમંત્રણ આપનારા સંગઠને વખોડી હતી.જ્યારે એબીવીપીએ ઉમર ખાલીદનું પુતળુ બાળ્યુ હતું.ઉમર ખાલીદ પર ગત વર્ષે દેશદ્રોહનો ગુનો પણ નોધવામાં આવ્યો હતો.

શ્રીરામ કોલેજની વિદ્યાર્થીની અને કારગીલ શહીદ થયેલા જવાનની પુત્રી ગુરમહેર કૌરે સોશ્યલ મીડીયામાં પર એક અભિયાન શરુ કર્યુ છે. જેનું નામ છે હું એબીવીપીથી ડરતી નથી.વિદ્યાર્થી આલમમાં પણ હવે શિક્ષણ જગતમાં રાજકારણનો વધુ પડતો ચંચુપાત વિદ્યાર્થીઓને પસંદ પડ્યો નથી.ભાજપ પ્રેરિત વિદ્યાર્થી સંગઠનોના આક્રમક તેવરને કારણે સમગ્ર વાતાવરણ ગરમ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯ ૯૮૨૪૩૬૨૪૬૨


## પવિત્ર ગંગા શુધ્ધિકરણના હાલત જોઇને અન્ય નદીઓની હાલત કેવી હશે તે માત્ર કલ્પના કરવી રહી

ભારતનો નાગરિક જાણે છે કે પવિત્ર ગંગા નદીનું જળ કેવી હાલતમાં છે.ગંગા નદી અતિશય ગંદી તથા પ્રદુષિત થઇ ચુકી છે.દેશના વડાપ્રધાને પોતાને વારાણસીના સાંસદ તરીકે છોરા ગંગા કિનારેવાલા કહેવડાવામાં ગૌરવ અનુભવે છે.અને છાશવારે ગંગા નદીને કિનારે આરતીના પ્રોગ્રામો કરતા રહે છે.ભાજપી નેતાઓ પણ વડાપ્રધાન મોદીને ગંગા નદી જેવા પવિત્ર ગણાવે છે.રાજીવ ગાંધીના સમય દરમિયાન ગંગા ના શુધ્ધિ કરણ માટે અબજો રુપીયા વહાવાઇ ચુક્યા છે.પરંતુ નેશનલ ટ્રિબ્યુનલના લેટેસ્ટ ઓર્ડર અનુસાર હજુ સુધી ગંગાનું એક ટીપુ પણ શુધ્ધ થઇ શક્યું નથી.જે નદી માટે લોકો આટલા આસ્થાળુ હોય તે નદીની આવી હાલત દાયકાઓ સુધી ચલાવી લેવાય,સરકારો પૈસા વાપરવાનો ડોળ કરતી રહે અને પ્રજા ઉંઘતી રહે તે ભારત જેવા દેશમાં શકય બને.જે પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારમાં ખાસ એક પ્રધાનનો હોદ્દો ઉભો કરાયો છે તે ગંગા શુધ્ધિકરણની પણ આવી હાલત હોય તો દેશની અન્ય પ્રદુષિત અને ગંદી થઇ ચુકેલી નદીઓ વિશે તો આપણે આવનારા ૫૦-૧૦૦ વર્ષ સુધી કોઇ આશા જ નહીં રાખવાની. ગુજરાત સહિત દેશની કેટલીય નદીઓ મૃતપાય બની ચુકી છે.મોટાભાગની નદીઓ હવે બારમાસી રહી નથી.કેમિકલ ફેક્ટરીઓથી માંડીને રેતી માફીયાઓએ દેશની પુરાણ કાળથી ચાલી આવતી આ અતિ મહત્વની જીવનરેખાને લગભગ ખતમ કરી દીધી છે. પરંતુ કોઇના પેટનું પાણી હાલતું નથી.કુત્રિમ રીતે પાણી ભરીને રિવર ફ્રન્ટની સજાવટ જોઇને હરખાવામાં આપણે એટલા વ્યસ્ત થઇ ગયા છે કે રિવરફ્રન્ટથી ઉપરવાસમાં કે હેઠવાસમાં ૨૦ કી.મી.નદીની શું હાલત છે તે કોઇ વિચારતું નથી.ઉત્તર ગુજરાતની જુની નદીઓ શોધવા જવું પડે તેમ છે.સૌરાષ્ટ્રમાં નદીઓના નામે ચોમાસામાં સજીવન થતાં નાળા જ રહી ગયા છે.દક્ષિણ ગુજરાતમાં નદીઓ હયાત છે પરંતુ કેટલીય નદીઓના રંગ અને ગુણધર્મ બદલાઇ ચુક્યા છે.વડોદરા પાસે મીની નદીમાં ભુલેચુકે પગ બોળનારાએ બર્ન્સ વોર્ડમાં દાખલ થવું પડે તેવી હાલત છે.દુનિયાની સંસ્કૃતિઓ નદીકાંઠે પાંગરી છે.પરંતુ આપણા આ પારણાંને આપણે જ નેસ્તાનાબુદ કરી રહ્યા છીએ.

નવી રચાયેલી કેન્દ્રની એનડીએ સરકારમાં ગંગા નદીના શુધ્ધિકરણ માટે ખાસ પ્રધાનની નિમણુંક કરવામાં આવી.ઉમા ભારતીને આ હવાલો સોપવામાં આવ્યો છે.એક સાધ્વી તરીકે તેઓ આ ફરજ બજાવે તેમ ગણતી હતી. પરંતુ શુધ્ધિકરણ સાથે સંકળાયેલ બ્યુરોક્રેસી અને અમલદારશાહી બધાને ગોળ ગોળ ફેરવતી રહે છે.જો કે તાજેતરમાં નેશનલ ટ્રિબ્યુનલે આ બાબતે હવે આ બધા લોકો પર સકંજો જમાવવાની કોશીશ કરી છે પરંતુ તે કેટલો સમય ચાલે છે તે જોવાનુ રહ્યું પ્રજાના અબજો રુપીયા શુધ્ધિકરણના નામે આ અમલદારો ચરી ગયા અને ગંગા હજુ હતી તેનાથી વધુ ગંદી અને અશુધ્ધ છે.દેશના હિંદુઓની આસ્થા આ પવિત્ર નદી સાથે જોડાયેલી છે.નદીની આસપાસ હજારો સાધુઓના ઠેરા છે પરંતુ તેઓ આ બાબતે કંઇ કરી શકે તેમ નથી.ઉદ્યોગો પર સરકારે કડક હાથે કામ લેવું પડશે. (સૌ.ન.ગુ.સ)

## ભારતીય એન્જીનીયરની હત્યા બાદ ભારતીયોમાં ઉભો થયેલ આક્રોશ

ભારતીય એન્જીનીયરની વંશીય હત્યા બાદ તેમની પત્ની સુનયનાએ કહ્યુ હતું કે જ્યારે હું મારા પતિને પુછતી હતી કે અમેરિકામાં રહેવું જોઇએ કે નહીં ત્યારે તેઓ મને હંમેશા ભરોસો આપતા કે અમેરિકામાં ઘણુ સારુ થયુ હોય છે. માઇનોરીટી સાથેના ક્રાઇમને રોકવા અમેરિકાની સરકારે શું પગલાં લીધાં તેનો જવાબ ટ્રમ્પની સરકારે મને આપવો જોઇએ.ભારતીય લઘુમતીઓ ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૯


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.